
# વર્ષ 2023 ની સામાન્ય ચૂંટણીમાં મતદાન કરવા સંબંધિત તમારી માર્ગદર્શિકા.



ELECTORAL COMMISSION
TE KAITIAKI TAKE KŌWHIRI

E231 06/23 Gujarati

## વર્ષ 2023 માં શું અપેક્ષા રાખવી અને કેવી રીતે મતદાન કરવું તે સમજો

### તમે નોંધણી કરાવી લીધી છે અને તમારી વિગતો અપ ટુ ડેટ છે તેવું સુનિશ્ચિત કરો.

મત આપવા માટે, તમારે નોંધણી કરાવવી આવશ્યક છે. જો તમે 18 વર્ષ કે તેથી વધુ ઉંમરના હો, ન્યુઝીલેન્ડના નાગરિક હો અથવા કાયમી નિવાસી હોવ અને તમે તમારા જીવન દરમિયાન અમુક સમયે સતત 12 મહિના કે તેથી વધુ સમય સુધી ન્યુઝીલેન્ડમાં રહ્યાં હોવ તો તમારે નોંધણી કરાવવી આવશ્યક છે.

### તમારી વિગતોની ઑનલાઈન નોંધણી કરો, તેને તપાસો અથવા તેને અપડેટ કરો

તમારા ન્યૂઝીલેન્ડના ડ્રાઈવર લાઈસન્સ, ન્યુઝીલેન્ડના પાસપોર્ટ અથવા RealMe દ્વારા ચકાસવામાં આવેલી ઓળખનો ઉપયોગ કરીને તમારી વિગતોની નોંધણી કરાવવી, તપાસ કરાવવી અથવા અપડેટ કરાવવી સરળ છે.

- **Vote.nz પર જાઓ**
- **0800 36 76 56 પર કૉલ કરો**
- **3676 પર મફતમાં તમારું નામ અને સરનામું ટેક્સ્ટ મેસેજ દ્વારા મોકલો**

### તમારું EasyVote પૅક

જો તમે રવિવાર 10 સપ્ટેમ્બર સુધીમાં નોંધણી કરાવો છો, તો તમને ટપાલ દ્વારા EasyVote પૅક મળશે.

તમે ક્યારે મત આપી શકો છો અને તમે કોને મત આપી શકો છો તે વિશેની વિગતો તમને EasyVote પૅકમાંથી મળી જશે. તમારા પૅકમાં તમારું વ્યક્તિગત રીતે બનાવેલું EasyVote કાર્ડ પણ સામેલ હશે, જે મતદાનને સરળ બનાવે છે. તમે તમારા EasyVote કાર્ડ વિના પણ મતદાન કરી શકો છો, પરંતુ તેમાં કદાચ વધુ લાંબો સમય લાગી શકે છે.

જો તમે 10મી સપ્ટેમ્બર રવિવાર પછી નોંધણી કરાવો છો, મતદાનના દિવસ સહિત, તો તમને EasyVote કાર્ડ મળશે નહીં. તમારે એક ખાસ મત આપવો આવશ્યક બનશે, જેમાં વધુ લાંબો સમય લાગે છે.

**મતદાન ખુલે છે:** 2જી ઓક્ટોબર સોમવારે સવારે 9 કલાકે

**મતદાન બંધ થશે:** ચૂંટણીના દિવસે સાંજે 7 વાગે, શનિવાર 14મી ઓક્ટોબર

### મતદાન માટેના સ્થળો ક્યારે ખૂલશે અને તેમને ક્યાં શોધવા

તમે સોમવાર 2 ઓક્ટોબરથી ચૂંટણીના દિવસ, શનિવાર 14 ઓક્ટોબર સુધી મતદાનના કોઈપણ સ્થળે સામાન્ય ચૂંટણીમાં નોંધણી કરાવી શકો છો અને મત આપી શકો છો.

ચૂંટણીના દિવસે, શનિવાર 14 ઓક્ટોબર ના રોજ, મતદાનના તમામ સ્થળો સવારે 9 થી સાંજના 7 વાગ્યા સુધી ખુલ્લા રહેશે.

મતદાનના સ્થળો વિશેની માહિતી અને મતદાનના સ્થળોના કલાકો વિશેની માહિતી **vote.nz** પરથી અથવા **0800 36 76 56** પર કૉલ કરીને સપ્ટેમ્બરના મધ્યભાગથી ઉપલબ્ધ થશે.

### નોંધણી અને મતદાન સંબંધિત વધુ માહિતી ક્યાંથી મેળવવી

- **Vote.nz** ની મુલાકાત લો
- **0800 36 76 56** પર કૉલ કરો

જો આ માહિતી તમે જાણતા હો તેવા કોઈ વ્યક્તિને ઉપયોગી થઈ શકે તેમ હોય, તો કૃપા કરીને તેમને તેના વિશે જણાવો.

નોંધણી અને મતદાન વિશેની માહિતી અન્ય ભાષાઓમાં અને ફોર્મેટમાં સુલભ રીતે **vote.nz** પર પણ ઉપલબ્ધ છે

# મતદાન કરવાની રીત

## 1 તમારૂ EasyVote કાર્ડ સાથે લાવો

તમારૂ EasyVote કાર્ડ સાથે લાવવાથી મતદાન કરવું વધુ સરળ બનશે. જો તમે તમારૂ કાર્ડ ભૂલી ગયાં હો અથવા તમારી પાસે તે ન હોય તો પણ તમે મતદાન કરી શકો છો.




## 2 મતદાનના સ્થળ પર તમને મદદ કરવા માટે કોઈ વ્યક્તિ હાજર હશે


તમારા મતદાનના સ્થળ પર રહેલાં ચૂંટણીના કાર્યકર્તાઓ તમને શું કરવું અને ક્યાં જવું તે બતાવશે.



## 3 સામાન્ય ચૂંટણીમાં મતદાન કરો

એક સામાન્ય ચૂંટણીમાં, તમને બે મત મળે છે - એક પક્ષનો મત અને એક મતદારનો મત.

### તમારો પક્ષનો મત





તમારો પક્ષનો મત તમે જે રાજકીય પક્ષને ટેકો આપતા હો તેના માટેનો મત છે.

આ મત મોટા ભાગે દરેક રાજકીય પક્ષને સંસદમાં મળતી કુલ બેઠકોની સંખ્યા નક્કી કરે છે. જે પક્ષને પક્ષના મતનો મોટો હિસ્સો મળ્યો હોય તે પક્ષને સંસદમાં વધુ બેઠકો મળશે.

તમે સામાન્ય મતદાર યાદીમાં હોવ કે માઓરી મતદાર યાદીમાં હો, તમે એ રાજકીય પક્ષોની સમાન યાદીમાંથી પસંદ કરી શકો છો.

તમારા મતદાન પત્ર પર, તમારી પસંદગીના રાજકીય પક્ષના નામની બાજુમાં એક ટીક કરો.

### તમારો મતદારનો મત





તમારો મતદારનો મત તમે જે વિસ્તારમાં રહો છો તેના માટે તમે જેને સંસદના સભ્ય (MP) બનાવવા માંગતા હોવ તે ઉમેદવારને પસંદ કરવા માટે છે.

તમારા મતદારોના મતમાંથી સૌથી વધુ મત ધરાવનાર ઉમેદવાર તમારા મતદાર સાંસદ (MP) બને છે. તેઓ સંસદમાં તમારા સ્થાનિક વિસ્તારનું પ્રતિનિધિત્વ કરશે.

જો તમે માઓરી મતદાર યાદી પર છો, તો તમે માઓરી મતદારો માટે ચૂંટણી લડતાં ઉમેદવારને મત આપશો.

જો તમે સામાન્ય મતદાર યાદી પર છો, તો તમે સામાન્ય મતદાર માટે ચૂંટણી લડતાં ઉમેદવારને મત આપશો.


તમારા મતદાન પત્ર પર, તમે જે ઉમેદવારને તમારા સ્થાનિક વિસ્તારનું પ્રતિનિધિત્વ કરવા માટે સૌથી વધુ ઈચ્છો છો તેના નામની બાજુમાં ટિક કરો.



**આ પક્ષના મતોનું પ્રમાણ = સંસદમાં બેઠકોનું એ જ સમાન પ્રમાણ**

## 4 આપેલી મતપેટીમાં તમારું મતદાન પત્ર મૂકો

અને બસ આટલું જ –
તમે મત આપી દીધો છે!




## શું એક મતદાનના સ્થળ પર પહોંચી શકતાં નથી?

જો તમે એક મતદાનના સ્થળ પર પહોંચી શકતાં નથી, ઉદાહરણ તરીકે, બિમારી, ઉંમર અથવા વિકલાંગતાને કારણે, તો તમે મતદાન કરવા માટે મદદ મેળવી શકો છો. તમારા વિકલ્પો વિશે વાત કરવા માટે **0800 36 76 56** પર કૉલ કરો અથવા **vote.nz** પરથી વધુ જાણકારી મેળવો.

જો તમે કેર હોમમાં હોવ, તો તમારા સ્થાનિક મતદાર મંડળના મેનેજર મતદાન સેવાઓની વ્યવસ્થા કરવા માટે તમારા કેર હોમના મેનેજરનો સંપર્ક કરશે.

જો તમે હોસ્પિટલમાં હોવાને કારણે કોઈ મતદાનના સ્થળ પર પહોંચી શકતાં નથી, તો સોમવાર 2જી ઑક્ટોબરથી, તમારા કોઈ મિત્ર અથવા પરિવારના સભ્ય તમને તમારા મતદાનના પેપર્સ લાવી આપી શકે છે.

## વિદેશથી મતદાન

જો તમે વિદેશથી મતદાન કરી રહ્યાં હોવ, તો તમારે શુક્રવાર 13 ઓક્ટોબરની મધ્યરાત્રિ સુધીમાં નોંધણી કરાવી લેવાની રહેશે. તમે **vote.nz** પર તમારી વિગતોની નોંધણી કરાવી શકો છો અથવા તેને અપડેટ કરી શકો છો.

તમે બુધવાર 27મી સપ્ટેમ્બર થી શનિવાર 14મી ઓક્ટોબર ના રોજ સાંજે 7 વાગ્યા (NZ સમય) સુધી વિદેશમાંથી મત આપી શકો છો.

વિદેશથી મતદાન કરવાનો સૌથી સહેલો અને ઝડપી રસ્તો એ છે કે તમારું મતદાન પત્ર ડાઉનલોડ કરીને તેને પૂર્ણ કરો અને પછી તેને **vote.nz** પર અપલોડ કરો.

**વિદેશથી ફોન:** +64 9 909 4182
(આંતરરાષ્ટ્રીય કૉલ સંબંધિત દર લાગુ થઈ શકે છે)

**ન્યુઝીલેન્ડમાંથી ફોન:** 0800 36 76 56

## તમારા મતદાન પત્રને વાંચવા માટે કે તેને અંકિત કરવા માટે મદદની જરૂર છે?

કોઈ મિત્ર, પરિવારના સભ્ય અથવા ચૂંટણીના અધિકારી તમને તમારું મતદાન પત્ર વાંચવામાં અથવા તેને અંકિત કરવામાં મદદ કરી શકે છે. એ વ્યક્તિ આવું કરી શકે છે:

- તમારી સાથે મતદાન કરવા માટેના પડદાની પાછળ જઈ શકે છે
- મતદાન પત્ર પરના શબ્દો અને માહિતીને વાંચી સંભળાવી શકે છે
- જો તમે તેમને તેવું કરવાનું કહો તો તમારા માટે મતદાન પત્રને અંકિત કરી શકે છે.

તેઓ તમને તમારે સામાન્ય ચૂંટણીમાં કોને મત આપવો જોઈએ તેના વિશે કહી શકશે નહીં.

જો તમે અંધ છો, આંશિક રીતે અંધ છો અથવા કોઈ શારીરિક વિકલાંગતા ધરાવો છો તો તેનો અર્થ એ થાય છે કે તમે મદદ વિના તમારા મતદાન પત્રને અંકિત કરી શકતાં નથી, તો તમે ટેલિફોન ડિક્ટેશન સેવાનો ઉપયોગ કરીને મત આપી શકો છો.

તમારે આ સેવાનો ઉપયોગ કરવા માટે નોંધણી કરાવવી આવશ્યક છે. નોંધણી કરાવવા માટે કૉલ કરો**0800 028 028** પર અને વિકલ્પ 1 પસંદ કરો.

તમે સોમવાર 11મી સપ્ટેમ્બર થી, શનિવાર 14 ઓક્ટોબરની બપોર સુધી નોંધણી કરાવી શકો છો.

આ સેવા વિશે વધુ માહિતી મેળવવા માટે **vote.nz** ની મુલાકાત લો.